# એક્ટિવ ટ્યુબરક્યુલોસિસની (ટીબી) સારવાર
# Treating active tuberculosis (TB)

પ્રકાશિત: જૂન 2025
સમીક્ષા: જૂન 2028
કાગળનો નંબર: 897 આવૃત્તિ: 4

## શ્વાસન ચિકિત્સા વિભાગ

દર્દીઓ માટે માહિતી

### પ્રસ્તાવના

કૃપા કરીને આ પત્રિકા કાળજીથી વાંચો અને તમારી સારવાર દરમ્યાન એની માહિતી જોવા માટે રાખો. તે ક્ષય રોગ (ટીબી) માટેની તમારી સંભાળ અને સારવાર વિશેની મહત્વની માહિતી ધરાવે છે.

જો તમને લેવાતી કોઈપણ દવા અથવા ટીબી વિશેની અન્ય માહિતીની સલાહની જરૂર હોય, તો કૃપા કરીને ટેલિફોન પર ટીબી નર્સિંગ સેવાનો સંપર્ક: **0116 258 3767**.

ટીબી નર્સિંગ સેવા ગ્લેનફિલ્ડ હોસ્પિટલ એક સ્પેશ્યલિસ્ટ સેવા છે. અમારા સામાન્ય કામના કલાકો સોમવાર થી શુક્રવાર, સવાર 8.30 થી સાંજનાં 4.30 સુધી છે.

ટીબી માટેના તમામ પરીક્ષણો અને સારવાર ગુપ્ત અને ફ્રિ છે.

તમારા ટીબી નર્સ/કેસ: ......................................................................

કોન્ટેક્ટ ટેલિફોન નંબર: ......................................................................

## ટ્યુબરક્યુલોસિસ (ટીબી) શું છે?

ટ્યુબરક્યુલોસિસ (ટીબી) એ એક માધ્યમ, ચેપી રોગ છે જે માયક્રોબેક્ટિર્યમ ટ્યુબરક્યુલોસિસ નામના બેક્ટેરિયાથી થાય છે. ટીબી સામાન્ય રીતે ફેફસાં (પલ્મોનરી ટીબી) ને અસર કરે છે પરંતુ તે શરીરના અન્ય ભાગોને પણ અસર કરી શકે છે, જેમ કે કિડની, હાડકાં, ગરંથીઓ અથવા મગજ.

ટીબી સામાન્ય રીતે ટીબી બેક્ટેરિયા ધરાવતા નાના ટીપાં દ્વારા ફેલાય છે. જ્યારે ચેપ ગ્રસ્ત વ્યક્તિને ખાંસી આવે છે અથવા છીંક આવે છે ત્યારે આ ટીપાં પેદા થાય છે. જો આ ટીપાં શ્વાસમાં લેવામાં આવે છે, તો તેમાં રહેલા બેક્ટેરિયા નવા ચેપની શરુઆત કરી શકે છે.



Re-use of this leaflet is restricted by Creative Commons license

ટીબીથી થતી બીમારી સામાન્ય રીતે ધીરે ધીરે વિકસે છે. ચેપના સંપકર્માં આવ્યા પછી તરત જ કોઇ ચિહ્નો અથવા લક્ષણો ન હોઇ શકે. જો રોગપ્રિતકારક શક્તિ ચેપને મારવા અથવા તેને નિયંત્રિત કરવામાં નિષ્ફળ જાય છે, તો તે ફેફસાં અથવા શરિરના અન્ય ભાગોમાં ફેલાય છે અને થોડા અઠવાડિયા અથવા મહિનામાં લક્ષણો વિકસિત થાય છે. આને સક્રિય ટીબી તરીકે ઓળખવામાં આવે છે.

ફેફસાં અને વાયુમાર્ગ (પલ્મોનરી ટીબી) માં ફક્ત ક્ષય રોગ ધરાવતા વ્યક્તિને ચેપી માનવામાં આવે છે. જો કોઇના શરીરમાં બજે ક્યાંય ટીબી હોય તો તે બીજા લોકોને માટે ચેપી નથી.

ઘણા લોકો કે જેઓ ચેપગ્રસ્ત છે તે બીમાર થતા નથી અને ચેપ સારવાર વિના થોડા અઠવાડિયા અથવા મહિનામાં જ સ્વસ્થ થઈ જાય છે. જો કે, ટીબી બેક્ટેરિયા નિષ્ક્રિય સ્વરૂપમાં શરીરમાં રહે છે. આ ટીબી તરીકે ઓળખાય છે. સુપ્ત ટીબીવાળા લોકો અન્ય લોકો માટે ચેપી નથી. લેટેસ્ટ ટીબી એ સક્રિય ટીબી રોગ અને પછીની તારીખે માંદગી પેદા કરવાની પ્રગતિમાં વિકસી શકે છે, ખાસ કરીને જો તમારી રોગપ્રતિકારક શક્તિ નબળી પડી જાય તો.

## શું ટીબીની સારવાર થઈ શકે?

ટીબી એ એક ગંભીર સ્થિતિ છે, પરંતું જો એન્ટિબાયોટિક્સના યોગ્ય કોસર્થી સારવાર કરવામાં આવે તો તે  સામાન્ય રીતે મટાડી શકાય છે. મોટાભાગના લોકોને સારવાર દરિમયાન હોસ્પિટલમાં દાખલ કરવાની જરૂર હોતી નથી.

એન્ટિટબાયોટિકસનો કોર્સ ઓછામાં ઓછા 6 મહિના માટે લેવાની જરૂર રહેશે. કેટલાક અલગ. એન્ટિટબાયોટિકસનો ઉપયોગ કરવામાં આવે છે કારણ કે ટીબીના કેટલાક સ્વરુપો ચોક્કસ એન્ટિટબાયોટિકસન સામે પ્રિરતરોધક છે.

## મને મદદ, સપોર્ટ અને સલાહ કેવી રીતે મળશે?

નિષ્ણાત ટીબી નર્સ સમુદાયમાં અને લસેસ્ટરની તમામ હોસ્પટલોમાં કાયર્ કરે છે. અમે સમગ્ર લેસ્ટર, લીસ્ટરશાયર અને રટલલેન્ડને આવરી લે છે. અમે દર્દીઓ અને ડોકટરો વચ્ચે સંપર્ક સાધીએ છીએ, ટીબી અને ટીબી સ્ક્રિનિંગ અંગે સલાહ આપીએ છીએ.

ટીબીની સારવાર કરાવતા દરેક દર્દીઓની નામવાળી નિષ્ણાત ટીબી નર્સ/ કેસ મેનેજર હશે, અને તેમના સંપર્કમાં કેવી રીતે રહેવું તે કહેવામાં આવશે. અમારી ભૂમિકા તમારી સારવાર દ્વારા તમને સહાય કરવા અને જો તમને કોઈ સમસ્યા હોય તો તમારો સંપર્ક કરવાનો પ્રથમ મુદ્દો છે.

સારવાર શરું કર્યા પછી આપની અમારી પ્રથમ મુલાકાત તમારા નિદાનની ચર્ચા કરવા, માહિતી આપવાની અને તમને  પ્રશ્નો હોય તો તેના જવાબ આપશે. જ્યારે તમે તમારી સારવાર શરું કરો ત્યારથી અમે સામાન્ય રીતે તમને 5 કાયર્કારી દવસની અંદર મળીશું.

આ પિત્રકામાં વિગતવાર જણાવ્યા મુજબ અમે તમને તમારી ટીબી દવા વિશે જણાવીશું. અમે ખાતરી કરીશું તે તમારી દવાઓની કોઈપણ આડઅસર વિષે તમને જણાવીશું અને જો તમને આડઅસર થાય તો શું કરવું એ પણ તમને જણાવીશું.

અમારી પ્રથમ મુલાકાત દરિમયાન અમે તમારી સંભાળની યોજનાને સંમત કરીશું અને તમારી સારવારને અસર કરી શકે તેવા કોઈપણ પિરબળોનું મૂલ્યાંકન કરીશું. આ આપણને જરૂર પડે તો વ્યક્તિગત સપોર્ટ (સીધી અવલોકન કરેલી સારવાર) ની યોજના કરવાની મંજૂરી આપે છે.

અમે તમારી સારવારને અસર કરી શકે તેવી કોઈપણ સમસ્યાઓ, જેમ કે આવાસ, જી.પી. શોધવા, દારૂ અને / અથવા દવાઓ સાથે સંબંધિત સમસ્યાઓ, તમારા રોજગાર, અથવા તમારી હોસ્પટલની એપોઇન્ટમેન્ટમાં આવતી સમસ્યાઓમાં તમને મદદ કરવા માટે શ્રેષ્ઠ પ્રયાસો કરીશું.

તમે સંપકર્માં આવ્યાં છે તે લોકોને શોધવા માટે અમે જવાબદાર છીએ અને ચેપનું જોખમ કોને હોઈ શકે છે. આ લોકોને અમારી ક્લિનીકમાં આવવાનું કહેવામાં આવશે જેથી તેમનું પણ ટીબી માટેની ટેસ્ટ કરી શકાય.

તમારી પ્રગતિનું નિરીક્ષણ કરવા અને તમને અને તમારા પરિવારને સહાય કરવા માટે મહિનામાં ઓછામાં ઓછી એક વાર તમારી મુલાકાત લેવાનું લક્ષય રાખશે કેટલીકવાર તમારે મોટા સ્તરના ટેકાની જરૂર પડી શકે છે. જો તમને તમારી સારવાર દરમિયાન કોઈ સમસ્યા હોય તો તમારી ટીબી નર્સ તમારા માટે સૌથી પહેલા કોન્ટેક્ટ કે સંપર્ક કરીને મદદ માટે છે.

## વધુ માહિતી

NHSની વેબસાઇટ: www.nhs.uk/conditions/Tuberculosis

## ટીબીની દવાઓ વિષે માહિતી

- ટીબીની દવા સામાન્ય રીતે દિવસમાં એકવાર લેવામાં આવે છે. એ બધી એક સાથે, એક વખતમાં સલામત રીતે લઇ શકાય છે. આ નાસ્તાના અડધા કલાક પહેલા અથવા ખાલી પેટે લેવી જોઈએ. દા.ત. ખોરાક પહેલા 30 મિનિટ અથવા ભોજન પછી 2 થી 3 કલાકે.

- તમારી ગોળીઓ તમારા પેશાબ અને શરીરના અન્ય પ્રવાહી લાલ અથવા નારંગી રંગના બને છે. આ સંપૂર્ણપણે સામાન્ય છે. નરમ સોફ્ટ કોન્ટેક્ટ લેન્સ પહેરવાની સલાહ આપવામાં આવે છે, કારણ કે તેના પર ડાઘા પડી શકે છે અથવા રંગ બદલાઈ શકે છે.

- હંમેશા તમારી દવા તેના મૂળ કન્ટેનરમાં કે ડબામાં રાખો અને તેને ક્યારેય બીજા લોકોને આપશો નહિ.

- તે મહત્વનું છે કે તમે તમારી દરેક આઉટ પેશન્ટ એપોઇન્ટમેન્ટમાં જાવ અને કૃપા કરીને જ્યારે તમે જાઓ ત્યારે તમારી બધી દવા સાથે લઇ જવાનું યાદ રાખો.

- ટીબીની સારવાર દરમિયાન તમને ગર્ભવતી ન થવાની સલાહ આપવામાં આવે . જો તમે સ્તનપાન કરાવતા હો તો તમારા ડૉક્ટર અથવા ટીબી નર્સને કહો.

- તમે લેતા હો તે બીજી કોઈ પણ દવાઓ વિષે તમારે તમારા ડૉક્ટર અથવા ટીબી નર્સને કહેવું જ જોઇએ કારણકે ક્ષય રોગ માટેની દવાઓ, બીજી દવાઓ પર અસર કરી શકે છે. એમાં ડાયાબિટીસ અને વાઇની ગોઈઓ અને ગર્ભનિરોધક ગોળીઓનો પણ સમાવેશ થાય છે.

- જો તમે ગર્ભનિરોધક કે બર્થ કંટ્રોલની ગોળીઓનો ઉપયોગ કરી રહ્યા હોવ તો ટીબીની સારવાર દરમિયાન તમારે ગર્ભનિરોધકની એક અલગ રીતનો ઉપયોગ કરવો જોઈએ જેમ કે કોન્ડોમ અથવા કોઈલ. તમે હર્મોન્સ મૂક્ત ગર્ભનિરોધક ગોળીઓ પર આધાર રાખી શકશો નહિ. જેમાં હોર્મોન્સ દા.ત. ગર્ભનિરોધક ગોળી, ગર્ભનિરોધક પેચ, પ્રત્યારોપણ, યોનિની રીંગ્સ અને કેટલાક ગર્ભનિરોધક ઇન્જેક્શન. તમારા ટીબીની સારવારના સંપૂર્ણ સમયગાળા માટે અને તે સમાપ્ત થયા પછી 28 દિવસ સુધી ગર્ભનિરોધકની અન્ય પદ્ધતિઓ માટે તમારા જી.પી. અથવા ફેમેલી પ્લાનિંગ ક્લિનિકની સલાહ મેળવો.

- તમારી સારવાર દરમ્યાન દારુ ન પીવાની સલાહ આપવામાં આવે છે. તમે આ અંગે તમારા ડૉક્ટર, ટીબી નર્સ અથવા ફાર્માસિસ્ટ સાથે ચર્ચા કરી શકો છો.

- જો તમને તમારી ગોળીઓ ગળી જવામાં તકલીફ હોય તો ઘણી વખત પી શકો એવી દવા પણ મળી શકે છે અથવા બોટલ ખોલવામાં તકલીફ પડતી હોય તો સાદા ઢાંકણો વાપરી શકાય છે. તમે આ અંગે તમારી ટીબી નર્સ અથવા ફાર્માસિસ્ટ સાથે ચર્ચા કરી શકો છો.

- ટીબીની તમામ સારવાર દરેક માટે મફત છે.
- તમારા ડૉક્ટર, ટીબી નર્સ અથવા ફાર્માસિસ્ટ તમને કહે નહિ ત્યાં સુધી તમારી દવા લેવાનું બંધ કરશો નહિ.
- જો તમારી દવા લેતી વખતે તમે અસ્વસ્તા અનુભવતા હોવ તો તરત જ તમારી ટીબી નર્સને જણાવો.
- ઘણા દર્દીઓ તેમની દવા લેતી વખતે થાકથી પીડાય છે. મોટાભાગના લોકોને કોઇ અન્ય સમસ્યા નથી હોતી, પરંતુ જો તમે આ પત્રિકામાં જણાવેલ કોઈપણ આડઅસરથી પીડાતા હોવ તો કૃપા કરીને શક્ય તેટલી વહેલી તકે તમારી ટીબી નર્સ સાથે ચર્ચા કરો.

## સારવાર દરમિયાન તમારા લિવર પર શક્ય અસરો વિશે જાગૃત રહેવું

સારવાર દરમિયાન મોટાભાગના લોકોને તેમના લિવર સાથે કોઇ તકલીફ થતી નથી હોતી. પરંતુ કેટલાક કિસ્સાઓમાં લિવર ટીબીની દવાઓ પર પ્રતિક્રિયા આપી શકે છે. ટીબીની સારવાર શરું કરતાં પહેલા તથા ક્લિનિકની દરેક મુલાકાતે પુખ્ત દર્દીઓના લિવર ફંક્શની ટેસ્ટ કરવામાં આવશે. એમાં નિયમિત બલ્ડ ટેસ્ટ પણ કરવામાં આવશે.

અમે તમને જણાવીશું કે લિવરના કોઇ પણ પ્રોબલમને કેવી રીતે પારખવા. જો તમને આમાંના કોઈપણ લક્ષણો હોય તો તમારે જલ્દીથી તમારી ટીબી નર્સનો કોન્ટેક્ટ કરવો જ જોઇએ કારણ કે તમને દવા લેવાનું બંધ કરવાની સલાહ આપવામાં આવી શકે છે.

લક્ષણોમાં શામેલ છે:

- વાંરવાર ઉછાળા આવવા
- ઉલ્ટી થાય
- ચામડીનો કે આંખનો રંગ પીળો (કમળો)
- તમારા પેટની જમણી બાજુએ દુઃખાવો

અમારા સામાન્ય કામના કલાકો પછી કે સપ્તાહના અંતમાં/બેન્કની રજાઓમાં જો આ લક્ષણો દેખાય તો તમે ટીબીની સેવાઓમાં કોઈ સાથે સંપર્ક ન થાય ત્યાં સુધી ગોળીઓ લેવાનું બંધ કરવું યોગ્ય છે.

જો ટીબીની સારવાર બંધ કરવી પડે તો તમારી બરાબર તપાસ કરવામાં આવશે, પરંતુ લિવર સામાનય રીતે નોર્મલ કામ કરશે.

## શું મારે સારવાર દરમ્યાન કોઈ ખાસ ડાયેટનું પાલન કરવાની જરૂર છે?

સારવાર દરમ્યાન તમારે આલ્કાહોલ કે દારુ પીવાનું ટાળવું જોઇએ કારણ કે તે દવાની અસરને બદલી શકે છે. ભાગ્યે જ બને કે તમારા લિવર પર દવાની અસર પડે પણ જો તમે તમારી દવા લેતા સમયે દારુ પીતા હોય તો તે લિવરના પ્રોબ્લમોનું જોખમ પણ વધારે છે.

સામાન્ય રીતે સામાન્ય હેલ્થી ડાયેટ ખાવાનો પ્રયત્ન કરો અને સારી કેલેરીનું સેવન કરવાનું જાળવો. તમને વિશેષ ડાયેટની જરૂરિયાતો છે અથવા વજન ઘણું ઓછું થયું હોય તો તમારી ટીબી નર્સ તમને ડાયેટિશનને મળવાની ગોઠવણ કરી શકે છે.

અવારનાવાર કેટલાક લોકોને ટીબીની દવા લેતી વખતે અમૂક ખોરાકમાં એલર્જી થઇ શકે છે. ખાસ કરીને, ચીઝ, ટ્યૂના માછલી અને લાલ વાઇનથી ફોલ્લીઓ, ખંજવાળ અથવા ગર્મી અનુભવવી વગરે થઈ શકે. જો તમને આ કોઈ પણ લક્ષણો હોય તો તમારી ટીબી નર્સને કો અને તમારા ડાયેટમાંથી પનીર, કે ચિઝ, ઉષ્ણકટિબંધીય માછલી અને દારૂને દૂર કરવાનો પ્રયાસ કરો.

સારવાર દરમ્યાન અન્ય તમામ ખોરાક અને પીણાં સુરક્ષિત છે. ક્ષય રોગમાંથી તમારી રિકવીના ભાગ રૂપે તંદુરસ્ત ડાયેટ લેવું મહત્વનું છે. તમારા વજન પર તમારી આખી સારવાર દરમ્યાન ધ્યાન રાખવામાં આવશે.

## મારી સારવાના ભાગરૂપે મારે કઇ દવાઓ લેવાની જરૂર છે?

જો તમને સક્રિય ટીબીનું નિદાન થાય તો તમને એન્ટીબાયોટિક્સ સંયોજનનો ઓછામાં ઓછો 6 મહિનાનો કોર્સ સૂચવવામાં આવશે.

**પાયરિડોકિસન** (જે વિટામીન B6 તરીકે પણ ઓળખાય છે):
નાની ધોળા રંગની ગોળી (10mg અથવા 50mg)

ટીબીના ઇલાજ માટે વપરાતી એન્ટિબાયોટિક્સ દવાઓથી ઘણી વખત સોય કે પીન જેવું વાગતું હોય કે અકડાઇ જવું (ખાલી ચડી જવી) જેવી આડ અસરને રોકવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

પાયરોડોકિસન જ્યારે નાના ડૉઝમાં લેવામાં આવે છે ત્યારે સામાન્ય રીતે કોઈ આડઅસર થતી નથી.

**ઇથમબ્યટોલ:**
100mg - નાની પીળા રંગની ગોળીઓ.
400mg – મોટી ગોળ ગ્રે કે રાખોડી રંગની ગોળીઓ.

ઇથમબ્યટોલ એન્ટીબેક્ટિર્યલ છે જેનો ઉપયોગ ટીબીની સારવાર માટે અન્ય દવાઓ સાથે કરવામાં આવે છે. તે સામાન્ય રીતે સારવારનાં પ્રથમ 2 થી 3 મહિનામાં જ લેવામાં આવે છે.

ભાગ્યે જ થાય એવી આડ અસરો:

- ભાગ્યે જ કિસ્સાઓમાં આ રંગ અંધત્વ અથવા અસ્પષ્ટ દ્રષ્ટિ સહિતની દ્રષ્ટી સાથે સમસ્યાઓ સર્જી શકે છે, ગંભીર હોઇ શકે છે. જો તમને આનો અનુભવ થાય તો ઇથમબ્યટોલ લેવાનું બંધ કરો અને શક્ય તેટલી વહેલી તકે તમારા ટીબી નર્સ અથવા ડૉક્ટકરનો સંપર્ક કરો. ઇથેમબ્યટોલ લેવાનું શરું કરતાં પહેલા તમારે આંખની ટેસ્ટ કરાવવી જેઇએ.

બીજી આડઅસરો હોય શકે:

- હાથ અને પગલાં સોય કે પીન જેવું વાગવું કે ખાલી ચડી જવી
- ઉછાળા આવવા
- ઉલ્ટી થવી
- ફોલ્લીઓ
- ખંજવાળ
- ચામડીનો કે આંખનો રંગ પીળો (કમળો)

**પાયરાજિનામાઇડ:**

પાયરાજિનામાઇડ ધરાવતી દવાઓ આ છે:

**રિફાટર** (રીફેમપીસીન અને આઇસોનિયાઝીટ સાથે)
ગોળ આછા ગુલાબી રંગની, ખાંડના પળ વાળી ગોળીઓ.

પાયરાજિનામાઇડ એ એન્ટીબેક્ટેરિયલ છે જેનો ઉપયોગ ટીબીની સારવાર માટે અન્ય દવાઓ સાથે કરવામાં આવે છે. તે સામાન્ય રીતે સારવારના પ્રથમ 2 થી 3 મહિનામાં જ લેવામાં આવે છે.

એની આડ અસર ભાગ્યે જ હોય છે, જેનો સમાવેશ થાય છે:

- ઉછાળા આવવા
- ઉલ્ટી થવી
- સાંધામાં દુઃખાવો
- પેશાબ કરો ત્યારે દુઃખાવો
- ખૂબ જ તાવ
- ચામડીનો કે આંખનો રંગ પીળો (કમળો)

**આઇસોનિયાઝિડ:**

આઇસોનિયાઝિડ ધરાવતી દવાઓ છે:

- **રિફાટર** (રીફેમ્પીસીન અને પાયરાઝિનામાઇડ સાથે)
  ગોળ આછા ગુલાબી રંગની, ખાંડનાં પળ વાળી ગોળીઓ.
- **રીફીના**, રીફેમ્પીસીન સાથે
  300 – લંબગોળ, નારંગી ગોળીઓ. ખાંડના પળ વાળી.
  150 – ગોળ આછા ગુલાબી રંગની ગોળીઓ, ખાંડના પળ વાળી.

એન્ચીબાયોટીક, તમામ પ્રકારના ટીબીની સારવાર માટે વપરાય છે. તે સામાન્ય રીતે તમારી સંપૂર્ણ સારવાર માટે લેવામાં આવ્ છે. તે સવારનાં નાસ્તાના 30 મિનિટ પહેલા અથવા ખાલી પેટે (ભોજન પહેલાં 30 મિનિટ અથવા ભોજન પછી 2 કલાક) લેવી જોઇએ.

એની આડ અસર ભાગ્યે જ હોય છે. પણ તેમાં આનો સમાવેશ થઈ શકે છે:

- હાથ અને પગમાં ખાલી ચડી જાય અથવા બહેર મારી જાય
- વાંરવાર ઉછળે
- ઉલ્ટી થવી
- ઝાળા
- ફોલ્લીઓ
- ખંજવાળ
- ચામડીનો કે આંખનો રંગ પીળો (કમળો)
- ફ્લૂ થયું હોય એવું લાગે (દુઃખાવો/ઠંડી લાગે)

| દવાનું નામ | કેટલી | તમારી દવા કેવી દેખાય છે | કેટલી ક્યારે લેવી | | | | બીજી માહિતી |
|---|---|---|---|---|---|---|---|
| | | | બ્રેકફાસ્ટ | લંચ | સાંજે | સૂવાનાં સમયે | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

## કોન્ટેક્ટની વિગતો

ટીબી નર્સીંગ સર્વિસ: 0116 258 3767

જો તમને કોઈ પ્રશ્નો હોય, તો તમે એને અહીં લખી શકો જેથી તમે જ્યારે નર્સ કે ડોક્ટરને મળો ત્યારે યાદ આવી શકે:

Previous reference: RES044-0616

اگر آپ کو یہ معلومات کسی اور زبان میں درکار ہیں، تو براہِ کرم مندرجہ ذیل نمبر پر ٹیلی فون کریں۔
على هذه المعلومات بلغةٍ أخرى، الرجاء الاتصال على رقم الهاتف الذي يظهر في الأسفل
જો તમને અન્ય ભાષામાં આ માહિતી જોઈતી હોય, તો નીચે આપેલ નંબર પર કૃપા કરી ટેલિફોન કરો
ਜੇ ਤੁਸੀਂ ਇਹ ਜਾਣਕਾਰੀ ਕਿਸੇ ਹੋਰ ਭਾਸ਼ਾ ਵਿਚ ਚਾਹੁੰਦੇ ਹੋ, ਤਾਂ ਕਿਰਪਾ ਕਰਕੇ ਹੇਠਾਂ ਦਿੱਤੇ ਗਏ ਨੰਬਰ 'ਤੇ ਟੈਲੀਫੋਨ ਕਰੋ।
Aby uzyskać informacje w innym języku, proszę zadzwonić pod podany niżej numer telefonu

If you would like this information in another language or format such as EasyRead or Braille, please telephone 0116 250 2959 or email equality@uhl-tr.nhs.uk

LEICESTER'S RESEARCH

Leicester's Hospitals is a research active trust so you may find research happening on your ward or in your clinic. To find out about the benefits of research and become involved yourself, speak to your clinician or nurse, call 0116 258 8351 or visit www.leicestersresearch.nhs.uk/patient-and-public-involvement